ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૫-૪-૨૦૨૧, રવિવાર



હિંમતનગર | મોડાસા | બાયડ | ભિલોડા | ખેડબ્રહ્મા | તલોદ | શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર

# તંત્રની ખામોશી : અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની મોતની હારમાળા, વધુ ૨૦નાં મોત

## આરોગ્ય વિભાગ દ્વારા ફોન ઉપાડવાનું બંધ કરાયું, અનેક દર્દીઓ ક્રિટીકલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ અરવલ્લીની ગીરીમાળાઓમાં કોરોનાના કારણે મોતની હારમાળા થઈ રહી છે. અનેક વિસ્તારોમાં સંભળાતા મરશિયાથી પ્રજા ગમગીન બનવા લાગી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના ૨૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. મોડાસા સ્મશાન ગૃહના જવાબદારના નિવેદનથી મોતના આંકડા વધુ ચોંકાવનારા હોઈ શકે છે. આરોગ્ય વિભાગ દ્વારા ફોન ઉપાડવાનું બંધ કરાયું છે. જિલ્લાની હોસ્પિટલોમાં સારવાર લેતા કોરોનાના અનેક દર્દીઓ ક્રિટીકલ હાલતમાં છે તે જોતાં મૃત્યુઆંકમાં ઉછાળો આવી શકે છે.

કોરોના મહામારીએ અતિ વિકટ સ્વરૂપ ધારણ કર્યું છે. તંત્ર છેલ્લા ૩-૪ દિવસથી દિગ્મુઢ બન્યા જેવી સ્થિતિ છે. રેમડેસિવિર અને ઓક્સિજનની અછતને ઢાંકવા તંત્ર હવાતિયાં મારી રહ્યું છે. વહીવટી તંત્ર, આરોગ્ય વિભાગ અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ વચ્ચે સંકલનના સ્પષ્ટ અભાવમાં દર્દી અને તેનાં સગાંની હાલત સેન્ડવિચ જેવી બની ગઈ છે. સતત દર્દીઓમાં વધારો, બેડમાં વધારો પરંતુ સ્ટાફની અછતના કારણે હવે આરોગ્ય સ્ટાફ પણ માનસિક રીતે હતાશ થયાના દ્રશ્યો અનેક વિસ્તારોમાંથી સામે આવ્યા છે. જવાબદાર આરોગ્ય અધિકારીઓ માત્ર ઓફીસમાં બેસીને આદેશ કરે છે પરંતુ કોવિડ હોસ્પિટલોમાં ખરેખર શું સ્થિતિ છે તે જાણવાનો પ્રયાસ કર્યો છે ખરો..?? જિલ્લામાં સતત કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાઈ રહ્યો છે. મોડાસા, બાયડ, ધનસુરા, ભિલોડા, માલપુર અને મેઘરજ તાલુકામાં એક પછી એક કોરોનાથી સંક્રમિત અને શંકાસ્પદ દર્દીઓના મૃતદેહને લઈને જતા સ્વજનોને જોઈને અનેકની આંખો ભીંજાઈ આવે છે છતાં તંત્રની ખામોશી કેમ..?? તે પ્રજાને સમજાતું નથી. જિલ્લાનું વહીવટી તંત્ર કોરોના સામેની લડાઈમાં નબળું સાબિત થઈ રહ્યું છે. જિલ્લામાં પાછલા ૨૪ કલાક દરમ્યાન કોરોના સંક્રમિત ૨૦ થી વધુ લોકોના મોતની વિગત સામે આવી છે. પાછલા ૨ દિવસમાં જ કુલ મૃત્યુ આંક ૩૬ ને પાર કરી ગયો છે પરંતુ આરોગ્ય વિભાગ માત્ર જૂજ આંકડા દર્શાવી રહ્યું છે.

### જિલ્લામાં બેડ ખુટતાં ૨૦૦ થી વધુ દર્દી અન્ય જિલ્લામાં સારવાર માટે ખસેડાયા

બાયડ : સ્થિતિ વધુ ચિંતાજનક છે. અરવલ્લી જિલ્લામાં કોરોના દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યા છે. અસંખ્ય દર્દીઓ વેઈટીંગમાં છે ત્યારે એક અંદાજ અનુસાર ૬ તાલુકાના ૨૦૦ થી વધુ દર્દી સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ અને ખેડા જિલ્લાની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાનું જાણવા મળ્યું છે. પાછલા ૨ દિવસમાં મોડાસા અને વાત્રકની કોવિડ હોસ્પિટલમાં જે રીતે મૃત્યુદર ઉંચકાયો છે તે જોતાં આ બંન્ને હોસ્પિટલોમાં કોરોનાગ્રસ્ત દર્દીને દાખલ કરવા મુદ્દે દર્દીના સગાઓમાં ચિંતા-ઉચાટ જોવા મળ્યા છે.

### અરવલ્લી જિલ્લા આરોગ્ય અધિકારી કોરોનાથી સંક્રમિત, હોમ ક્વોરન્ટાઈન થયા

બાયડ : અરવલ્લી જિલ્લા એ.ડી.એચ.ઓ. ડૉ.કૌશલભાઈ પટેલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી તેઓ હોમ ક્વોરન્ટાઈન થયા છે. છેલ્લા ૨૫ દિવસથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં તેઓ દિવસ-રાત ખડેપગે રહી આરોગ્ય વિષયક કામગીરી સંભાળી હતી. આરોગ્ય વિભાગના અધિકારી કોરોનાથી સંક્રમિત થતાં અન્ય કર્મચારીઓમાં ચિંતાનું મોજુ હાવિ થઈ ગયું છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં વપરાશ ત્રણ ગણો વધતાં ઓક્સિજનનું સંકટ મંડરાયું

## સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત વધુ મોત નોંતરશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ રાજ્યમાં ઓક્સિજનની અછતથી કોરોના દર્દીઓના મોતમાં વધારો થઈ રહ્યો છે. સરકાર અને આરોગ્ય વિભાગ ઉપર ઓક્સિજનની અછત મુદ્દે રીતસરની પસ્તાળ પડી છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો આવ્યા પછી વપરાશ ૩ ગણો વધતાં ઓક્સિજનનું સંકટ મંડરાયું છે. જવાબદાર તંત્ર વચ્ચે સંકલનના અભાવથી અગાઉ રેમડેસિવિર અને હવે ઓક્સિજનની અછત વધુ મોત નોંતરી શકે છે. પાછલા ૪૮ કલાકમાં જિલ્લામાં મૃત્યુ આંક ચિંતા ઉપજાવે છે જેમાંના કેટલાક દર્દીના સગાઓએ ઓક્સિજન સમયસર ન મળતાં મોત નિપજ્યાના આક્ષેપ કર્યા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૮ લાખની માનવ વસતીમાંથી જૂજ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. સેંકડો લોકો હોમ ક્વોરન્ટાઈન છે. ગંભીર હાલતવાળા દર્દીઓ સરકારી કોવિડ અને ડેજીગ્નેટ-નોન ડેજીગ્નેટ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે પરંતુ બંન્ને જિલ્લામાં જે રીતે કોરોનાનું સંક્રમણ વધ્યું છે અને ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે તે બાબત ચિંતાજનક છે. કોરોનાની લહેર લાખો લોકોને સંક્રમિત કરશે તેવી વૈજ્ઞાનિકોની ચેતવણીને નજર અંદાજ ન કરીએ તો જિલ્લામાં ૮.૫૦ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ શકે છે. પરંતુ અત્યારથી જ ઓક્સિજનની અછતે તંત્રની ઉંઘ હરામ કરી દીધી છે. આ જોતાં જો સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થશે તો કોરોનાના નવા સ્ટ્રેન મુજબ જિલ્લામાં ઓક્સિજનની માંગ ૬ થી ૭ ગણી વધવાની સંભાવના છે. અત્યારે જ જૂજ ઓક્સિજનની જરૂરીયાત છતાં તંત્ર હાંફી ગયું છે. ક્લાસ-૧, ૨ અધિકારીઓને ઓક્સિજન રીફીલીંગ સ્થળે ડ્યુટી આપવામાં આવી છે. પરંતુ વિકરાળ સ્થિતિ ઉભી થાય તો ઓક્સિજન લઈને જતા વાહનો અને ડીલીવરી કરતા વાહનો સાથે એસ.આર.પી. જવાનોને તૈનાત કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ શકે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઓક્સિજનનો સપ્લાય કરતી એજન્સીઓના મતે જરૂરીયાત કરતાં ખુબ ઓછો ઓક્સિજન જિલ્લાને મળી રહ્યો છે તેમ છતાં કોઈપણ દર્દીનું જીવન જોખમાય નહીં તે માટે અમે હોસ્પિટલોની માંગ પ્રમાણે ઓક્સિજન સપ્લાય કરી રહ્યા છીએ પરંતુ આવી રીતે ઓછો ઓક્સિજન સપ્લાય અને દર્દીઓમાં વધારો થશે તો ઓક્સિજનનું સંકટ મોતનો આંકડો વધારી શકે છે તેવી આશંકા વ્યક્ત કરી છે.

### નબળી નેતાગીરીથી બૃહદ સાબરકાંઠા જિલ્લાને અનહદ અન્યાય

બાયડ : સાબરકાંઠા જિલ્લામાં નબળી નેતાગીરીથી કોરોનાગ્રસ્ત દર્દીઓને પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હિંમતનગર, ઈડર, મોડાસા, વાત્રક સહિતના અનેક વિસ્તારોમાં સરકારી કોવિડ હોસ્પિટલો માટે બેડ તૈયાર કરાયા પરંતુ આવી હોસ્પિટલોમાં દાખલ દર્દીઓને પૂરતા પ્રમાણમાં રેમડેસિવિર ઈન્જેક્શન, ઓક્સિજનનો જથ્થો મળે છે ખરો..?? તે જાણવાની રાજકીય આગેવાનોએ પણ કોઠાસૂઝ દાવી નથી. સ્થિતિ ખુબ વણસી રહી છે. હિંમતનગર સરકારી મેડીકલ કોલેજમાં જે રીતે દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે તે બાબત ચિંતાજનક છે આવી સ્થિતિ અરવલ્લી જિલ્લામાં પણ પ્રવર્તિ રહી છે. હવે બચવા માટે પ્રજાએ જાતે જ જાગ્રત થવું પડશે.

### ૬૦ થી ૭૦ ટકા દર્દીઓને ઓક્સિજનની જરૂર

બાયડ : કોરોનાના કેસમાં ઉછાળો આવ્યા પછી દર્દીઓમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતું હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. જિલ્લામાં સરકારી કોવિડ અને ખાનગી કોવિડ સારવાર કરતી હોસ્પિટલોમાં ૧૫૦૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે તે પૈકી ૬૦ થી ૭૦ ટકા દર્દીઓને સતત ઓક્સિજનની જરૂર પડે છે અને તેના કારણે ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો છે.

### કોરોનાના કહેરમાં માનવતા : મોડાસા કેળવણી મંડળે કલરવ સ્કુલ કોવિડ હોસ્પિટલ માટે આપવાની તૈયારી

બાયડ : મોડાસામાં કોરોનાનો કહેર ફરી વળ્યો છે. મોતનો આંકડો સતત ઉંચકાતાં સ્મશાનમાં પણ હવે ભઠ્ઠીઓ પીગળી જાય તેવી સ્થિતિ છે. મોડાસામાં કોરોનાનું સંક્રમણ વધ્યા પછી વધુ બેડની જરૂરીયાત છે ત્યારે મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ દ્વારા કોવિડ હોસ્પિટલ માટે કલરવ સ્કુલનો ઉપયોગ કરવા માટે તંત્રને જાણ કરી છે. કોરોનાના કહેરમાં મોડાસા શહેરમાં શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીઓ દ્વારા જે માનવતા દેખાડવામાં આવી છે તેની અરવલ્લી જિલ્લાની પ્રજાએ નોંધ લીધી છે.

# ગાયત્રી પરિજનો શોકમગ્ન : ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ કોરોના સામે જંગ જીત્યા, જીંદગીનો જંગ હાર્યા

## કોરોના સંક્રમણમાંથી બહાર આવ્યા પરંતુ સવારે હૃદયરોગનો હુમલો આવતાં મોત નિપજ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ, સમાજ સુધારક મનહરભાઈ એસ. પટેલ (અરજણ વાવ) કોરોના સામે જંગ તો જીત્યા પરંતુ સવારે હૃદય રોગનો હુમલો આવતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. તેમના મોતના સમાચારથી સમગ્ર ઉત્તર ગુજરાત સહિત રાજ્યના ગાયત્રી પરિજનો શોકમગ્ન બન્યા હતા. સદ્ગતના નિધનથી ગાયત્રી પરિવારને મોટી ખોટ પડશે તેવું વિવિધ સમાજના આગેવાનોએ જણાવ્યું છે.

સત્ય સામે અવાજ ઉઠાવવાનો હોય, સમાજમાં વ્યાપેલા કુરિવાજોને ત્યજવા માટે આગેવાની લેવાની હોય, છેવાડાના માનવીને અન્યાય થતો હોય તો તેની પડખે ઉભું રહેવાનું હોય તેવી તમામ બાબતોમાં અગ્રેસરની સાથે ગાયત્રી શક્તિપીઠ-બાયડની પ્રવૃત્તિઓને સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રના ફલક સુધી પહોંચાડવામાં મનહરભાઈ પટેલનો સિંહફાળો રહ્યો છે. પડકારો અને આફતને અવસરમાં પલટવાની તેમનામાં ગજબની કાબેલિયત હતી. ગાયત્રી શક્તિપીઠ-બાયડને અરવલ્લી જિલ્લાનું યાદગાર તિર્થધામ બનાવ્યું. ગર્ભાવસ્થામાં શિશુઓમાં સંસ્કારોનું સિંચન, યુવાનો માટે વ્યસનમુક્તિ અભિયાન, દિકરીઓ સ્વરક્ષિત બને તે માટે ખાસ તાલીમ, વૃક્ષો વાવવા માટે પ્રજામાં જાગ્રતતા લાવી સહિત અનેક રચનાત્મક પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા રહ્યા હતા. ગત વર્ષે મહામહિમ રાજ્યપાલને બાયડને આંગણે બોલાવી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવા અભિગમમાં તેમની મહત્વની ભૂમિકા હતી. બાળકોમાં શાળા કક્ષાએથી સારા સંસ્કારોનું સિંચન થાય તે માટે ટાંચા સાધનો છતાં ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ત્રિપદા પ્રા.શાળાનું સર્જન કર્યું અને આજે વટવૃક્ષ બની છે. સમગ્ર ગાયત્રી પરિવારજનોમાં સ્પષ્ટ



વક્તા અને સૌને મદદ કરવાની ભાવનાવાળા વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત થયેલા મનહરભાઈ પટેલને કોરોના થતાં બાયડની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સપ્તાહની સારવાર પછી તેઓ સંપૂર્ણ સાજા થયા હતા પરંતુ શરીરમાં અશક્તિ હોવાના કારણે હોસ્પિટલમાં રહ્યા. શનિવારે સવારે એકાએક તેમની તબિયત લથળી અને પલ્સરેટ ઘટી ગયા પછી હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું હતું. ગાયત્રી પ્રચારક મનહરભાઈ પટેલના દુઃખદ નિધનના સમાચારથી ગુજરાતના ગાયત્રી પરિજનોથી માંડી જિલ્લાના તમામ સમાજના આગેવાનો, લોકસેવકોએ ઉંડો શોક વ્યક્ત કર્યો હતો. ગાયત્રી તિર્થ શાંતિકુંજ-હરિદ્વારના પ્રમુખ ડૉ.પ્રણવભાઈ પંડ્યાજીએ મનહરભાઈ પટેલના નિધન બદલ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી તેમના નિધનથી ગુજરાત પ્રાંતને અને અમને મોટી ખોટ પડશે તેવું જણાવી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. સદ્ગતના મૃતદેહને કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ અરજણવાવ ગામના સ્મશાન ગૃહમાં અંતિમવિધિ કરવામાં આવી હતી.

# ઓક્સિજનની અછત : અરવલ્લી જિલ્લામાં ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરવા તૈયારીઓ શરૂ

## મોડાસા-ભિલોડામાં ઓક્સિજન ઉત્પાદન પ્લાન કાર્યરત થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ અરવલ્લી જિલ્લામાં કોરોના દર્દીઓ માટે ઓક્સિજનની અછતથી અનેક દર્દીઓ દમ તોડી રહ્યા છે ત્યારે



એકાએક એક્શનમાં આવેલી સરકારે જિલ્લા કક્ષાએ ઓક્સિજન ઉત્પાદન કરવા માટે તૈયારીઓ શરૂ કરી છે. જિલ્લાના મોડાસા અને ભિલોડામાં ઓક્સિજનના ઉત્પાદન માટે તાત્કાલિક ધોરણે પ્લાન્ટ ઉભા કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર, જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી દ્વારા સરકારના નિર્દેષ અનુસાર ઓક્સિજન પ્લાન્ટ ઉભા કરવાની યોજનાને તાત્કાલિક ધોરણે મંજૂર કરવાના પ્રયાસ શરૂ થયા છે.

ઓક્સિજનની અછતથી સમગ્ર દેશમાં હલચલ મચી ગઈ છે. જ્યારે ગુજરાત ઓક્સિજનના ઉત્પાદનમાં અગ્રહરોળમાં છે છતાં ગુજરાતમાં ઓક્સિજનની અછતથી કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓના મોત નિપજ્યાના આક્ષેપ થયા છે. ત્યારે કોરોના મહામારીને નાથવા માટે રાજ્ય સરકારે રાજ્ય તેમજ દરેક જિલ્લાઓમાં ઓક્સિજન ઉત્પાદનની દીશામાં ગંભીરતાપૂર્વક વિચાર્યું છે જે મુજબ અરવલ્લી જિલ્લામાં પણ ઘરઆંગણે ઓક્સિજન ઉત્પાદન કરવા માટે જિલ્લા પ્રભારી મંત્રી દ્વારા શરૂ કરાયેલા પ્રયાસોમાં અધિકારીઓએ ઉત્સાહ દાખવ્યો છે. જે રીતે આયોજન અધિકારીએ ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત કરવા માટે ઉત્સાહ દાખવ્યો છે તે જોતાં જિલ્લાના ઘરઆંગણે ઓક્સિજનનું ઉત્પાદન સત્વરે થવાની ધારણા છે.

### ઉપલબ્ધ ફંડમાંથી ૩૦ ટકા કોરોના મહામારી માટે : જિલ્લા આયોજન અધિકારી

બાયડ : અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુંદરસિંહ ડાભીએ જણાવ્યું કે વડાપ્રધાન દ્વારા દેશમાં પી.એમ.કે.કે.વાય. યોજના અમલમાં મૂકવામાં આવી છે જેમાં ઉપલબ્ધ ફંડમાંથી ૩૦ ટકા લેખે કોવિડ-૧૯ મહામારી સામે આરોગ્યલક્ષી સેવા માટે ફાળવણી કરી શકાય. આ સંજોગોમાં જિલ્લામાં સૌથી વધુ અગત્યતા ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટીલેટર અને મોનિટરીંગ માટેના સાધનો તેમજ આઈસોલેશન બેડની છે. જેથી આવા કામોને તેમાં અગ્રતા આપવામાં આવશે.

# અવસાન નોંધ..



બાયડ : બાયડના ચીમનભાઈ પટેલ(પૂર્વ પ્રમુખ : બાયડ નગરપાલિકા), કનુભાઈ પટેલ(પૂર્વ ચેરમેન : ખેતી બેન્ક, અમદાવાદ)ના મોટાભાઈ અને વિજયભાઈ પટેલ(ડી.ઓ. : એલ.આઈ.સી.), વી.ડી. પટેલ(નિવૃત્ત ઈજનેર) અને જીતુભાઈ પટેલ(યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની)ના પિતા, બાયડ સ્ટેશન સ્વામિનારાયણ મંદિરના કોઠારી ડાહ્યાભાઈ મણીભાઈ પટેલ તા.૨૪ એપ્રિલ, શનિવારે અક્ષર નિવાસી થયેલ છે.

● ● ●



બાયડ : બાયડ તાલુકાના ભૂખેલ ગામના(હાલ રહે.બાયડ ૭૨-સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨) ડૉ.પંકજભાઈ પટેલ(વાત્સલ્ય ક્લિનીક-વાત્રક), અશ્વિનભાઈ પટેલ અને બિપીનભાઈ પટેલના પિતા સોમાભાઈ ચૂનીલાલ પટેલનું તા.૨૨ ના રોજ નિધન થયેલ છે. સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૩૦ એપ્રિલ, શુક્રવારે રાખેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

# બેદરકાર તંત્ર : હિંમતનગર સબજેલનો કાચાકામનો કોરોના સંક્રમિત કેદી કોવિડ સેન્ટરમાંથી ફરાર

## આરામપ્રિય પોલીસ ધંધે લાગી, આરોપીને ભગાડવામાં કોઈની મદદગારી તો નથી ને..?? તપાસ શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ હિંમતનગર સબજેલમાં કાચા કામના કેદી મોહસીનખાન કાદરખાન ચાંદખાન પઠાણ(રહે.મોડલગઢ, ભીલવાડા-રાજસ્થાન) કોરોનાથી સંક્રમિત થતાં હિંમતનગરના સવગઢની સમરસ બોયઝ હોસ્ટેલમાં શરૂ કરાયેલા કોવિડ કેર સેન્ટરમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો. રાત્રે ઊલટી થાય છે તેમ કહી બાથરૂમમાં ગયો હતો અને ત્યાંથી બારીની ગ્રીલ ખોલી ફરાર થઈ જતાં આરામપ્રિય પોલીસ ધંધે લાગી છે. કોરોનાગ્રસ્ત કેદી અન્યોને પણ સંક્રમિત કરશે તેવો ભય પણ હાવિ થયો છે. બનાવ અંગે હિંમતનગર રૂરલ પોલીસે ફરાર કેદી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિંમતનગર સબજેલના કેદીઓ નાસી છૂટવાના કિસ્સા પોલીસ મથકે નોંધાયેલા છે. ક્યાંક ને ક્યાંક સલામતી સ્ટાફની ગાફેલતાના કારણે આવા બનાવો બનતા આવ્યા છે. મૂળ રાજસ્થાનનો પરંતુ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં પોક્સોના ગુના હેઠળ ઝડપાયેલા મોહસીનખાનને હિંમતનગર સબજેલમાં કાચાકામના કેદી તરીકે મોકલવામાં આવ્યો હતો. તે કોરોના સંક્રમિત થતાં જેલ સત્તાવાળાઓએ તેના રિપોર્ટ કઢાવ્યા પછી સારવાર માટે સવગઢમાં ઉભી કરાયેલી કોવિડ કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ રાત્રે ઊલટી થાય છે તેમ કહી બાથરૂમમાં ગયો હતો અને ત્યાંથી નજર ચૂકવી ફરાર થઈ ગયો હતો. લાંબા સમય સુધી તે પરત ન આવતાં સ્ટાફને શંકા ગઈ અને તપાસ કરતાં કાચા કામનો કેદી નાસી છૂટ્યાનું જણાતાં તાબડતોબ પોલીસને જાણ કરવામાં આવી હતી. કોરોના સંક્રમિત સબજેલનો કેદી ફરાર થઈ ગયાની ઘટનાએ પોલીસ બેડામાં હડકંપ મચાવી દીધો છે. હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ફરાર જેલના કેદી સામે ઈ.પી.કો. કલમ-૨૨૪, ૨૬૯, ૨૭૦, ૧૮૮, મહામારી અધિનિયમની કલમ-૩, ગુજરાત એપેડેમિક ડીસીસ-૧૩(૨) અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ (બી) મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


### જાહેર નોટિસ



ઉપરોક્ત ફોટાવાળી વ્યક્તિ ગોપી(કિંજલ) તે દર્શનભાઈ કાન્તિભાઈ પંચાલની દિકરી રહે.મોટીઝહેર, તા.કપડવંજ, જિ.ખેડા નાઓ જે અમારી પુત્રી થાય છે જે અમારા કહ્યામાં નથી અને પોતાની રીતે સ્વછંદી જીવન જીવી રહ્યાનું અમારા ધ્યાનમાં આવ્યું છે. જેથી હવે પછી અમારી દિકરી ગોપી (કિંજલ)સાથે અમારે કોઈપણ પ્રકારનો સબંધ રહેતો નથી. જેથી અમો તેના પિતાના નાતે અમારી સ્થાવર તેમજ જંગમ મિલ્કતમાંથી તેમજ અમારા વારસામાંથી ફારેગ કરીએ છીએ. જેથી અમારી સ્થાવર તેમજ જંગમ મિલ્કતમાં તેનો કોઈપણ જાતનો હક હીત કે હિસ્સો રહેતો નથી. જેથી કોઈપણ વ્યક્તિએ તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને જો કોઈપણ વ્યક્તિ તેની સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં જેની નોંધ લેવી.

લી..

તા.૨૪-૪-૨૦૨૧

સ્થળ : મોટીઝહેર

દર્શનભાઈ કાન્તિભાઈ પંચાલ

મો.૯૪૨૭૫૯૭૪૯૯


# બાયડના વધુ એક તબીબ કોરોના સામે જંગ હાર્યા, ડૉ.એન.ડી. પટેલના નિધનથી શોક છવાયો

## મેડીકલ ઓફીસર તરીકે કારકીર્દી શરૂ કર્યા પછી સૌથી વધુ લોકપ્રિય તબીબ બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ બાયડના વધુ એક તબીબને કોરોના ભરખી ગયો છે. ૯૩ વર્ષના ડૉ.એન. ડી. પટેલ કોરોનાથી સંક્રમિત થતાં કરમસદ મેડીકલ કોલેજમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં કોરોના સામે જીંદગીનો જંગ હારી ગયા હતા. ૭ દાયકા અગાઉ બાયડમાં મેડીકલ ઓફીસર તરીકે કારકીર્દી શરૂ કરી હતી અને ત્યારબાદ જનરલ પ્રેક્ટીશનર તરીકે વર્ષો સુધી દર્દીઓની સેવા કરી તબીબી આલમમાં લોકપ્રિય બન્યા હતા.

ડૉ.એન.ડી.પટેલ આ નામ અત્યારના યુવાનો માટે નવું હશે પરંતુ ૪૦ થી વધુ વયના અને વયસ્ક બાયડ તાલુકાના લોકો માટે ખુબ જાણીતું નામ છે.



હંમેશાં ખુશ રહેવું, કોઈપણ પ્રકારનું ટેન્શન અનુભવવું નહીં..તેવા ગુરૂમંત્ર સાથે ફરજની સાથે જીવન જીવ્યા, તેઓએ બાયડ ઉપરાંત તાલુકાના દર્દીઓની સેવા કરવાની સાથે તેમના સંતાનોને પણ ડૉક્ટર બનાવી લોકસેવામાં જોડવાનું પુણ્ય કર્યું હતું. ફીજીકલ ફીટ રહ્યા ત્યાં સુધી દરરોજ અંગત મિત્ર સાથે ઈવનિંગ વોક કરવો અને ત્યારબાદ કોફી પીવી તેમની કાયમી ટેવ હતી. બાયડ-ધનસુરા મેડીકલ એસોસીએશનના પ્રમુખ તરીકે પણ તેઓએ સેવા આપી છે. તાજેતરમાં કોરોના થયા પછી વધુ સારવાર માટે કરમસદ મેડીકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા પરંતુ કોરોનાના જંગ સામે તેઓ હારી ગયા હતા. બાયડમાં એક પછી એક ૩ તબીબોને કોરોના ભરખી ગયો છે. છેલ્લા કેટલાય સમયથી બાયડ અને તાલુકો કોરોનાનું હોટસ્પોટ બન્યું છે જેથી પ્રજાએ હવે પોતાનો જીવ બચાવવો હોય તો સ્વયં સાવધ રહેવું પડશે.

# મોડાસા સ્મશાનમાં સ્થિતિ વણસી, લાશો ખસેડવા માણસો નથી

## અંતિમ વિધિમાં વપરાતાં લાકડાં માટે દાનની અપીલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ મોડાસા સેમી વુહાન બનવા તરફ આગળ ધપી રહ્યું છે. કોરોના સંક્રમિત અનેક દર્દીઓના મોત નિપજી રહ્યા છે. અત્યારે તો મોડાસા સ્મશાનમાં સ્થિતિ એવી છે કે લાશો ખસેડવા માટે માણસો નથી, અંતિમ વિધિ માટે વપરાતાં લાકડાં માટે પણ મોડાસા મહાજન મંડળ ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

કોરોનામાં સાચો મૃત્યુ આંક છૂપાવાતો હોવાના આક્ષેપ છેલ્લા ૧૪ મહિનાથી થઈ રહ્યા છે પરંતુ સ્મશાનના આંકડા ક્યારેય છૂપાવી શકાતા નથી. સ્મશાનમાં આવતા તમામ મૃતદેહ કોરોનાથી મોતને ભેટેલા દર્દી હોતા નથી તેમ છતાં પણ સામાન્ય દિવસોમાં મૃતદેહોને અગ્નિ સંસ્કાર અપાય તેની સરખામણીએ અત્યારે મૃતદેહની સંખ્યામાં વધારો થયો છે. પાછલા ૨૪ કલાકમાં મોડાસા સ્મશાન ગૃહમાં ૨૦ થી વધુ લોકોના અંતિમ સંસ્કાર કરાયાની સનસનાટી ભરી વિગતો સામે આવી છે. સ્થાનિકો જણાવી રહ્યા છે કે મોડાસા સ્મશાન ગૃહમાં એક ચિતા માંડ ઠરે ત્યાં ડાઘુઓ અન્ય મૃતદેહ લઈને આવી રહ્યા છે. એક રીતે સ્મશાન ગૃહમાં પણ મૃતદેહોની ભીડ જામી રહી છે. આ આંકડા કાળઝાં કંપાવી દે તેવા છે. હવે પરિસ્થિતિ ગંભીર બન્યાનો સ્થાનિકોએ દાવો કર્યો છે. સ્મશાનમાં એક પછી એક આવતી લાશો ખસેડવા માટે પણ માણસો નથી તો પછી મૃતદેહને અગ્નિદેહ કેવી રીતે આપવો..??